SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-1, January to March : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ભારતીય જ્ઞાન પરંપરામાં આયુર્વેદ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦: એક અભ્યાસ

DR. HASINA A. BABARIYA
SHREE M.P. SHAH ARTS AND SCI.COLLEGE- SURENDRANAGAR
MO-8780506438


- *સારાંશ :*

*પ્રસ્તુત અભ્યાસ લેખમાં ભારતીય જ્ઞાન પરંપરામાં આયુર્વેદ વિજ્ઞાન અને નવી શિક્ષણ નીતિ-૨૦૨૦નું આલેખન થયું છે. આ લેખમાં પ્રાચીન ભારતની જ્ઞાન પરંપરાની વિભાવના,વિકાસ અને તેની વિધા શાખાઓને આવરી લેવાઇ છે. આ અભ્યાસ શોધ પત્રમાં આયુર્વેદ શાસ્ત્રનો વિકાસ અને વિસ્તાર, આ શાખામાં પ્રદાન કરનાર વિવિધ યુગના આયુર્વેદશાસ્ત્રીઓનું પ્રદાન અને તેમનું સાહિત્યની છણાવટ થઈ છે. આ વિધા ક્ષેત્રે જે આયુર્વેશાસ્ત્રીઓ દ્વારા કરેલ રોગોના નિદાન અને તેના ઉપચાર વગેરેની સમીક્ષા થઈ છે. આ ઉપરાંત આયુર્વેદ વિજ્ઞાન અને નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ના મુખ્ય હેતુઓ અને સમાનતાઓ તથા આ નીતિના સંદર્ભે શું પ્રાસંગીકતા રહી છે વગેરે મુદ્દાઓની છણાવટ છે.*



- *કિ-વર્ડ: ભારતીય જ્ઞાન પરંપરા,આયુર્વેદ, આયુર્વેદશાસ્ત્રીઓ,નવી શિક્ષણ નીતિ-૨૦૨૦*


**૧. પ્રસ્તાવના :**

પ્રાચીન ભારતના સાહિત્ય, પુરાઅવશેષીય અને વિદેશી પ્રવાસીઓની નોંધના ઐતિહાસિક સાધનોથી જાણી શકાય છે કે ભારતમાં હજારો વર્ષથી વિજ્ઞાનનો વિકાસ થઈ ચૂક્યો હતો.જ્યારે વિશ્વના અન્ય દેશોમાં વિજ્ઞાનની પ્રગતિ હજુ પ્રારંભિક સ્થિતિમાં હતી.દા.ત. ઇ.સ.પૂર્વે ૩૦૦૦ થી વધારે સમયમાં હડપ્પાકાલિન સભ્યતામાં નગર નિર્માણ અને માટીકળા વગેરે,આથી કહી શકાય કે પ્રાચીન ભારતીય જ્ઞાન-વિજ્ઞાન પરંપરા ગૌરવમય રહી હતી. આ જ્ઞાન – વિજ્ઞાનના ગ્રંથો મુખ્ય સંસ્કૃત, પાલી, અર્ધમાઘગી વગેરે ભાષાઓ હતી. આધુનિક સમયમાં આ ગ્રંથો આધુનિક વિજ્ઞાનની વિવિધ શાખાઓ માટે કુતુહલ સમા બની રહ્યા છે. આ ભારતીય જ્ઞાન પરંપરાના ગ્રંથોમાં અનેક આવિષ્કારોનો સંગ્રહ છે. જે માનવજીવનના પ્રાયોગીક જીવન સાથે સંકળાયેલા હતા અને પછી ગ્રંથરૂપે આલેખીત થયા હતા.જે પ્રાચીન અને આધુનિક સમયમાં સમાજ ઉપયોગી બની રહ્યા છે. આ આવિષ્કારોના સર્જક ઋષિઓ અને આચાર્યો રહ્યા હતા. જેમણે પ્રાચીન ભારતીય વિજ્ઞાનનીવિવિધ શાખાઓ જેમ કે ખગોળવિજ્ઞાન, આયુર્વેદ, યોગ, કૃષિ, રસાયણ, જ્યોતિષવિધા વગેરે વિજ્ઞાનની વિવિધ શાખાઓનો પાયો નાખ્યો અને પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે ભારતીય જ્ઞાન પરંપરાનો વિકાસ અને વિસ્તાર કર્યો હતો અને માનવ ઉપયોગી આવિષ્કારો કર્યા હતા. આ ઋષિઓએ ધર્મ ગ્રંથો સાથે વિજ્ઞાનને જોડ્યુ હ્તું.આ મહાન સર્જકોની સૌથી મોટી ખાસીયતએ રહી હતી કે કોઇપણ પ્રકારની યંત્ર સામગ્રી વગર તેમણે વિજ્ઞાન ક્ષેત્રે અનેક શાખાઓની સ્થાપના કરી અને તેના સિધ્ધાંતો આપ્યા હતા.

ભારતીય જ્ઞાન પરંપરા જ્ઞાન અને વિજ્ઞાનનો ખજાનો છે. જે જન્મ અને મૃત્યુ સુધી સંકળાયેલો છે. જે પરંપરા આચાર, વિચાર,કલા,સર્વાંગી વિકાસ,જીવનશૈલી વગેરે સાથે ઉંડાણપૂર્વ જોડાયેલો છે. આધુનિક સમયમાં આ જ્ઞાન પરંપરાઓને આપણી નવી શિક્ષણ નીતિમાં વધારે ભાર મૂકવામાં આવ્યો છે. આ જ્ઞાનના ખજાનાથી અનેક વિધાર્થીઓ આવિષ્કારના પથ સમા બની રહેશે.ભારતીય જ્ઞાન પરંપરાની એક વિધશાખા એટલે આયુર્વેદશાસ્ત્ર.જેભારતીય જ્ઞાન પરંપરાનું અનોખું અને વૈશ્વિક મહત્વ ધરાવતું શાસ્ત્ર છે. તે માત્ર રોગની સારવાર પૂરતું સીમિત નથી, પરંતુ સ્વસ્થ જીવનશૈલી, પ્રકૃતિ સાથે સંવાદ અને માનવના સર્વાંગી વિકાસ પર ભાર મૂકે છે. આપણી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ (NEP-2020) ભારતીય જ્ઞાન પરંપરાની આયુર્વેદ શાખાને શિક્ષણના મુખ્ય પ્રવાહમાં પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. આ નીતિ આધુનિક વૈજ્ઞાનિક વિચારસરણી સાથે પ્રાચીન ભારતીય જ્ઞાનને સંકલિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.આ લેખમાં ભારતીય જ્ઞાન પરંપરામાં આયુર્વેદ શાસ્ત્રનું સ્થાન, તેના મૂળ સિદ્ધાંતો, તેમજ NEP-2020 સાથે તેની સુસંગતતા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

**૨. ભારતીય જ્ઞાન પરંપરા અને તેની વિવિધ શાખાઓ:**

ભારતીય જ્ઞાન પરંપરાનો આરંભ વૈદિક યુગથી થયો હોય એમ માલૂમ પડે છે. સમયાંતરે આ ભારતીય જ્ઞાન પરંપરા મૌર્ય કાળ અને બાદ ગુપ્ત કાળમાં મધ્યસ્થ રહી હતી. ગુપ્તયુગના શાસકોએ આ પરંપરાને રાજયશ્રય આપ્યો અને તેને સુવર્ણ યુગ સુધી વિસ્તાર કર્યો. આ પરંપરાની વ્યાખ્યા આ પ્રમાણે આપી શકાય કે " તનાવ, સ્થિરતા કે વિવિધ સમસ્યાઓના નિરાકરણ માટે વ્યવહારિક ઉકેલ આપે છે અને આ પરંપરા જ્ઞાનના વિશાળ ભંડારને લોકો, સમુદાય અને માનવતાના વિકાસ માટે કરી શકાય છે."

મનુષ્યના જીવનમાં જ્ઞાનનો ઉદેશ્યએ રહેલો છે કે તે મનુષ્યના જીવનને સાર્થક બનાવવામાં કાર્ય કરે અને જીવનને યોગ્ય દિશા અને યોગ્ય સમસ્યાનું નિરાકરણ આપે .આ જ્ઞાનની પરંપરાને માનવ બે રીતે ગ્રહણ કરે છે. જેમાં૧. યથાર્થ જ્ઞાન અને ૨. સાપેક્ષ જ્ઞાનનો સમાવેશ થાય છે. ભારતીય જ્ઞાન પરંપરામાં પ્રાચીન સમયથી જ્ઞાનના આ બે પ્રકારો અવિરત અને નિર્મળ રીતે વિકસીત થયા હતા. ભારતીય જ્ઞાન પરંપરા વિચાર અને અનુભવનું મિશ્રણ છે. જે સમાયંતરે અનેક વિધા શાખાઓમાં રૂપાંતરી થઈ. આ વિધા શાખાઓનો આ પ્રમાણે સમાવિષ્ટ કરી શકાય છે. ૧. દર્શન શાસ્ત્ર, ૨. આયુર્વેદ શાસ્ત્ર, ૩. રાજનીતિ શાસ્ત્ર, ૪. ખગોળવિજ્ઞાન, ૫. ગણિતશાસ્ત્ર, ૬. રસાયણ શાસ્ત્ર, ૭. શલ્ય શાસ્ત્ર, ૮. યોગ વિજ્ઞાન, ૯. વાસ્તુશાસ્ત્ર,૧૦. કામશાસ્ત્ર, ૧૧. જ્યોતિષશાસ્ત્ર વગેરે.આ વિધા શાખાઓમાં આયુર્વેદ્શાસ્ત્રનું અનેરુ મહત્વ રહ્યુ છે. જેના વિશે વિગતવાર સમજીએ.

**૩.આયુર્વેદ શાસ્ત્ર : વિકાસ અને વિસ્તાર**

પ્રાચીન ભારતમાં ભારતીય જ્ઞાન પરંપરાને મનુષ્યની સર્વોતમ આંખ કહી હતી. આ જ્ઞાનના ઉદય થકી ભારતીય પરંપરાઓ, સમુદાયને શિક્ષિત કરવા, ભાવનાઓનો વિકાસ કરવો વગેરે બાબતો પર ધ્યાન કેંદ્રિત હતી. જેના વિકાસ અને વિસ્તારમાં અનેક સદીઓનો સમય લાગ્યો હતો. આયુર્વેદશાસ્ત્રના સંદર્ભે ચર્ચા કરીએ તો તેના વિકાસમાં અશ્વિની કુમારો, ભરદ્વાજ, ધન્વન્તરી, આચાર્ય ચરક, શુશ્રુત, રેવણ. આત્રેય, મહર્ષિ કપિલ, પતંજલી, જીવક, નાગાર્જુન, વગેરે મહાનુભાવોનું પ્રદાન મહત્વપૂર્ણ રહ્યુ હતું.

ભારતીય જ્ઞાન પરંપરાને ઉજજવલ કરનાર આયુર્વેદશાસ્ત્રનું સ્થાન ભારતીય સમાજ અને ગ્રંથોમાં અનન્ય રહ્યુ છે. આ વિધા શાખાની શરૂઆત કરનાર અશ્વિની કુમારો રહ્યા હતા અને આયુર્વેદની વિભાવના સમજીએ તો **આયુર્વેદ**નો અર્થ છે—*આયુ* એટલે જીવન અને *વેદ* એટલે જ્ઞાન,અર્થાત્, **જીવનનું જ્ઞાન** એમ થાય છે. આયુર્વેદનું મૂળ ઋગ્વેદ અને અથર્વવેદ રહ્યા છે. જ્યારેચરક સંહિતા, સુશ્રુત સંહિતા અને અષ્ટાંગ હૃદય જેવા ગ્રંથો આયુર્વેદના આધારસ્તંભ છે.પ્રાચીન ભારતીય આયુર્વેદ ગ્રંથોમાં ઉલ્લેખ છે કે અશ્વિની કુમારો દેવ અને માનવના આયુર્વેદશાસ્ત્રી રહ્યા હતા. અશ્વિનિકુમારો સમય જતા શલ્ય ચિકિત્સાના સ્વામી બન્યા અને વિશ્વમાં પ્રથમવાર માનવ શરીરમાં રહેલા વાત, કફ અને પીતનું જ્ઞાન આપનાર આ બંધુઓ રહ્યા હતા અને તેનો ઉપચાર પણ આપ્યો હતો.

આયુર્વેદિક વિધાના વિકાસમાં અશ્વિનિકુમારોના અનુગામી ધન્વન્તરી બન્યા હતા. તેઓ મહાન ઔષધી શાસ્ત્રી હતા. ધન્વન્તરીએ શરીર સ્વસ્થ રાખવુ, દીર્ઘ આયુષ્ય, રોગોથી મુક્તિ અને તેની સારવારવગેરેના નિષ્ણાંત હતા.આધુનિક આયુર્વેદશાસ્ત્રના પાયામાં ધન્વન્તરીનું પ્રદાન વિશેષ રહ્યું છે. જયારે આ વિધા શાખામાં ભારદ્વાજે નામના મેળવી હતી. આપણા પ્રાચીન ગ્રંથોમાં ઉલ્લેખ છે કે માનવના રોગોનો ઉપચાર કરનાર પ્રથમ આયુર્વેદશાસ્ત્રી ભરદ્વાજ રહ્યા હતા. ઇ.સ પૂર્વે ૮૦૦ વર્ષ પહેલા થયેલ આત્રેય આયુર્વેદ્શાસ્ત્રીએ 'આત્રેય સંહિતા'ની રચના કરી, આત્રેયેઆ રચનામાં ભારતીય જ્ઞાન પરંપરાની આયુર્વેદ વિધાને જીવંત રાખી હતી. આ ગ્રંથમાં રોગોનું નિદાન, ઔષધીય જાણકારી વગેરેનો ઉલ્લેખ થયો હતો. આયુર્વેદ શાખાનું જ્ઞાન આત્રેયે ઋષી ભરદ્વાજ પાસેથી મેળવ્યું હતું.

ભારતીય જ્ઞાન પરંપરામાં આ વિધા શાખાનું પૂર્ણ સ્વરૂપ આપવામાં સુશ્રુતચાર્યનું નામ વિખ્યાત રહ્યું છે. જે ભારતના પ્રથમ શલ્ય ચિકિત્સક અને આધુનિક પ્લાસ્ટિક સર્જરીના જનક હતા. તેમણો લિખિત ગ્રંથ 'સુશ્રુત સંહિતા' આયુર્વેદશાસ્ત્રના વિધાર્થીઓ માટે માર્ગદર્શક બની રહ્યો છે. સુશ્રુતે પોતાના શિષ્યવૃંદ સાથે શલ્ય ચિકિત્સકના અનેક ઓજારોનો આવિષ્કાર કર્યો હતો. શલ્ય ચિકિત્સા માટે સુશ્રુતે 'સુશ્રુત સંહિતા'માં માનવીના વિભિન્ન અંગોનું છેદન, પાટા બાંધવાની રીત, ચામડી પર ટાંકા લેવાની પધ્ધતિ વગેરેનું વર્ણન આ ગ્રંથમાં થયું છે.

સુશ્રુતચાર્યના ગ્રંથ 'સુશ્રુત સંહિતા'વિશે ડો. સિંઘલ જણાવે છે કે " ઇતિહાસની દ્રિષ્ટએ જ નહિ પરંતુ વ્યવહારિક રીતે પણ 'સુશ્રુત સંહિતા'એ ચિકિત્સા જગતના અનુસંધાનની ક્ષિતિજો ખોલી નાખી હતી."સુશ્રુત સંહિતા'ના અધ્યયનથી જાણી શકાય છે કે આધુનિક તબીબી વિજ્ઞાનની અનેક શાખાઓને આવરી લેવાઇ છે. જેમાં શરીર રચના, નિદાન કાર્ય, બાળરોગો અને તેનું નિદાન, સ્ત્રી રોગો, મનોરોગો, નેત્રરોગ, પ્લાસ્ટિક સર્જરી, વિષ વિજ્ઞાન વગેરે રોગો અને તેની સારવારની ઔષધીઓ વિશે ઉલ્લેખ થયો છે.

પ્રાચીન ભારતમાં યુધ્ધ જન્ય સ્થિતિ હોય કે કોઇ અકસ્માતમાં વ્યક્તિએ પોતાના અંગો ગુમાવ્યા હોય ત્યારે તેણે જોડવાની પધ્ધતિનું જ્ઞાન સુશ્રુતને રહ્યું હતું. સુશ્રુત શવ-છેદનનું જ્ઞાન અને શલ્ય ક્રિયાના ૧૦૧ પ્રયોગો કર્યા હતા. ભારતમાં યુરોપીય પ્રજાનું આગમન થયા બાદ આ પ્રજાએ ભારતીય વૈદો પાસેથી પ્લાસ્ટિક સર્જરીનું જ્ઞાન મેળવ્યું હતું. સુશ્રુત શલ્ય ચિકિત્સા પધ્ધતિનો પ્રારંભ કર્યો અને વાઢ-કાપ

પધ્ધતિના માધ્યમ થી માનવીના ટુટેલા અને અંગોનું પુનઃ સ્થાપિત કરી ને નવુ સ્વરૂપ આપ્યું હતું. સુશ્રુત રચિત ગ્રંથનો મહિમા અરબી વિદ્વાનો અને હકિમોએ બહુ પ્રસંશા કરી હતી. ઇ.સ.૮૦૦માં અરબ વિદ્વાનોએ આ ગ્રંથને અરબી ભાષામા અનુવાદીત કર્યો અને તેને 'કિતાબ સુશ્રુત'નામ આપ્યું હતું. જ્યારે ઇરાકના હકિમો પણ આ ગ્રંથ થી વધુ પ્રભાવિત બન્યા હતા. આ ગ્રંથનો વ્યવહારિક ઉપયોગ અને માનવજીવનના રક્ષણ અર્થે છેક ૧૦મી સદીના ઇરાકના હકિમ હાજીએ આ ગ્રંથનો ઉપયોગ અને ઉલ્લેખ અનેક વાર કર્યો હતો.

બુધ્ધકાલિન ભારતમાં આયુર્વેદશાસ્ત્રી તરીકે જીવક વિખ્યાત હતા. જીવક પ્રસિધ્ધ બાળરોગના નિષ્ણાત, ચિકિત્સાશાસ્ત્રી અને ઔષધીશાસ્ત્રી હતા. જીવકનો બૌધ્ધકાલિન સાહિત્યમાં એક આયુર્વેદશાસ્ત્રી તરીકે અનેકવાર ઉલ્લેખ થયો હતો અને બુધ્ધ સંઘમાં અનેક લામાઓની સારવાર જીવક દ્વારા થઈ હતી.

આધુનિક આયુર્વેદશાસ્ત્ર અને તેની પરંપરાઓમાં આચાર્ય ચરકનું જ્ઞાન અને નામ ભૂલી શકાય એમ નથી. આ આયુર્વેદ્શાસ્ત્રીએ 'ચરક સંહિતા'ની રચના કરી હતી. જે સાત ખંડોમાં વિભાજીત થઈ હતી. આ સંહિતામાં ઔષધિય વિજ્ઞાન, મનોવિજ્ઞાન રોગો, આહાર-વિહાર, મનુષ્યની શારીરિક રચના, બાળરોગો, શરીરના અંગો અને તેનું કાર્ય, રોગો અને તેની ઔષધીયો દ્વારા નિદાન ,રોગના લક્ષણો, વગેરેનું આલેખન થયું હતું. આમ પુરોગામીઓના આયુર્વેદના જ્ઞાનની પરંપરાને ચરક આગળ વધારી હતી.

ભારતીય જ્ઞાન પરંપરાની આ વિદ્યાશાખામાં વાગ્યભટ્ટનું નામ અગ્રગણ્ય રહ્યુ હતું. તેમણે રચિત 'અષ્ટાંગહ્રદય' કે 'અષ્ટાંગ સંગ્રહ' નામનો આયુર્વેદીક ગ્રંથ માનવ રોગોના ઉપચાર માટે ધ્રુવ તારા સમો રહ્યો હતો.આ ગ્રંથનું વિભાજન પાંચ ભાગોમાં થયું હતું. આ ભાગોમાં વાગ્યભટ્ટે રોગોની વિવિધ ઔષધીયો, રોગોની ઉત્પતિ, ખાદ્ય પદાર્થના ગુણધર્મો, રોગોના ઉપચારો, માનવ શરીરની રચના અને તેનો ઉપચાર, મનુષ્યના સ્વભાવ, ચામડીના રોગો,ઘાવ અને તેનો ઉપચાર વગેરે ને આવરી સારવારની ઔષધીયોનો ઉલ્લેખ કર્યો હતો.

ભારતીય જ્ઞાન પરંપરાના વહેણમાં આ વિદ્યાશાખાના આચાર્યો આયુર્વેદની એક પરંપરા ઉભી કરી હતી. આ પરંપરાએ અનેક અવરોધો પાર કરી ને આજેય પણ માનવ જીવન માટે આશિર્વાદરૂપ રહી છે. આ આચાર્યો દ્વારા આ વિદ્યાશાખાને માનવ જીવનનું કલ્યાણ અને તે રોગોથી મુક્ત રહે તે મુખ્ય ઉદેશ્ય રહ્યો હતો. આ આચાર્યો રોગીઓની સારવાર મફત કરતા હતા અને તેની સારવારને પોતાનો ધર્મ સમજતા આથી તેમની રોગનિદાન પધ્ધતી સેવા સાથે જોડાયેલી હતી. આ આચાર્યોના ગ્રંથોનું અધ્યયન કર્યા બાદ, આધુનિક સમયની અનેક મહામારીઓનું નિદાન આ ગ્રંથોમાં રહ્યુ છે. આયુર્વેદશાસ્ત્રીઓમાં સમસ્ત માનવજીવન કલ્યાણમય બની રહે તે ભાવ રહ્યો હતો. સદીઓની સદીઓનો સમય પસાર થયો અને અનેક રાજકિય અને સાંસ્કૃતિક પરિવર્તનો આવ્યા છ્તા તેમણે આપેલી આ આયુર્વેદીક પરંપરાઓ આજેય પણ માનવજીવન માટે અમૂલ્ય રહી છે.

**૪. આયુર્વેદ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦**

આયુર્વેદ માત્ર ઔષધી આધારીત વિજ્ઞાન નથીપરંતુ**દિનચર્યા, ઋતુચર્યા, આહાર, વિહાર અને વ્યક્તિ જીવન**આધારીત વિજ્ઞાન છે.જેના મુખ્ય ગુણો નીચે પ્રમાણે છે. આ ગુણના વિકાસથી વ્યક્તિને શારીરિક અને માનસીક વિકાસ થાય છે. જ્યારે વિદ્યાર્થીઓ આ ગુણોથી અભ્યાસમાં ગહનતા, એકાગ્રતા અને ચિંતનશીલ બને છે. જે પ્રાચીન ભારતીય શિક્ષણ પ્રણાલીનો અહમ ભાગ ગણી શકાય છે.

- સ્વચ્છતા
- સંતુલિત આહાર
- યોગ અને પ્રાણાયામ
- માનસિક શાંતિ,

આ બધા ગુણોમાનવના સર્વાંગી વિકાસ સાથે જોડાયેલ છે.આપણીનવી શિક્ષણ નીતિ (NEP-2020)માં આ ગુણોનો સમાવિષ્ટ થયો છે.NEP-2020ના મુખ્ય હેતુઓ જોઇએ તો ૧. ગુણવત્તાપૂર્ણ શિક્ષણ,૨.સર્વાંગી વિકાસ, ૩.ભારતીય મૂલ્યો અને જ્ઞાન પરંપરાનું પુનઃસ્થાપન વગેરે રહ્યા છે. જ્યારે **NEP-2020ના મુખ્ય સિદ્ધાંતો નીચે પ્રમાણે આપી શકાય છે. ૧.Holistic Education (સર્વાંગી શિક્ષણ) ૨.Multidisciplinary Approach (બહુવિધ વિષય આધારિત અભ્યાસ) ૩.Experiential Learning (અનુભવ આધારિત શિક્ષણ) ૪.Value-Based Education (મૂલ્ય આધારિત શિક્ષણ) વગેરે છે. આ મુખ્ય સિધ્ધાંતોને આયુર્વેદશાસ્ત્રના સંદર્ભે સમજીએ તો**

**(૧) સર્વાંગી વિકાસ**

આયુર્વેદ શરીર–મન–આત્માના સંતુલન પર ભાર મૂકે છે જ્યારે NEP-2020માંબૌદ્ધિક, શારીરિક, નૈતિક અને ભાવનાત્મક વિકાસ પર ભાર આપે છે.બનેનો મુખ્ય હેતુ **સર્વાંગી વિકાસનો રહ્યો છે. જે દ્વારા અધ્યયનમાં ગહનતા આવે છે અને શિખવવાની પ્રક્રિયા ઝડપી બને છે.**

**(૨) પ્રયોગાત્મક અને જીવન સાથે જોડાયેલ શિક્ષણ**

આયુર્વેદમાં દિનચર્યા અને વ્યવહાર મહત્વપૂર્ણ રહ્યા છે. જે દ્વારા વ્યક્તિમાં પ્રયોગાત્મક ક્રિયા ઝડપી બને છે. સતત અનુભવ દ્વારા કૌશલ્યો પ્રાપ્ત કરે છે જ્યારે NEP-2020માં experiential learning પર ભાર મૂકવામાં આવ્યો છે. વિદ્યાર્થી સ્વાનુભવ આધારીત શિક્ષણ આધારે શીખે છે.

**(૩) પ્રકૃતિ સાથે સહઅસ્તિત્વ**

આયુર્વેદ પ્રાકૃતિક ઉપચાર પદ્ધતિ ભાર મુકવામાં આવ્યો છે. જયારે NEP-2020 sustainable development અને environmental awareness પર ભાર મૂક્યો છે. જે પ્રકૃતિ સાથે નિકટતા સૂચવે છે.

**(૪) ભારતીય જ્ઞાન પરંપરાનું પુનઃસ્થાપન**

આયુર્વેદ, ભારતનું પ્રાચીન વિજ્ઞાન છે તો જયારે NEP-2020 IKS, યોગ અને આયુર્વેદને અભ્યાસક્રમમાં સામેલ કરવાની ભલામણ કરે છે. જે દ્વારા વિદ્યાર્થીઓ પ્રાચીન ભારતીય જ્ઞાન પરંપરાઓ માંથી નવીનતમ વિચારો ગ્રહણ કરે અને તેનો ઉપયોગ ભાવિ નવા રોજગાર અને ઇનોવેશન દ્વારા કરે તે મુખ્ય હેતુનો સમાવેષ્ટ થયો છે.

**શિક્ષણમાં આયુર્વેદની પ્રાસંગિકતા (NEP-2020ના સંદર્ભમાં) ચર્ચા કરી એ તો વિદ્યાર્થીઓ** સ્કૂલ અને ઉચ્ચ શિક્ષણમાં આયુર્વેદિક જ્ઞાનનો પરિચય કેળવે છે અને પોતાનાઆરોગ્ય, પોષણ અને જીવનશૈલી વિષયક જાગૃતિ મેળવે છે.જયારે વિદ્યાર્થીઓ સંશોધન અને અન્ય અભ્યાસ (Ayurveda + Biology + Environmental Science) વગેરેથી પરીચય કેળવે છે અને જે ભાવિમાં સંશોધન માટેનો માર્ગ ખોલે છે. વિધાર્થીઓમાં **આયુર્વેદ આધારીત મૂલ્ય શિક્ષણ** દ્વારા નીચેના ગુણો વિકસત થાય છે અને વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ તરફ લઈ જાય છે. **૧.સંયમ,૨.સાત્વિકતા,૩.સ્વઅનુશાસન,૪.કરુણા** વગેરે ગુણોનું સિંચન થાય છે. જે NEP-2020ના value-based education સાથે સમાનતા ધરાવે છે.

**૭. નિષ્કર્સ:**

ભારતીય જ્ઞાન પરંપરાની પ્રસ્તુતી અને મૂલ્ય આધુનિક સમયમાં માનવજીવનને વરદાન સ્વરૂપ કહી શકાય છે. આધુનિક સમયમાં વ્યક્તિનું જીવન અસ્તવ્યસ્ત બનું છે. ભૌતિકવાદની દૌડમાં તે રચ્યો- પચ્યો રહ્યો છે. જેની વ્યાપક અસર તેના સ્વાસ્થય પર પડે છે. આ જીવન શૈલીમાં આરોગ્યને તંદુરસ્ત રાખવા આયુર્વેદશાસ્ત્રમાં અનેક નીતિ- નિયમો અને ઉપચારો સુચવ્યા છે. ભારતીય જ્ઞાન પરંપરાની આયુર્વેદ શાખાના અધ્યયન દ્વારા માનવજીવનને ઉપયોગી અનેક શોધો થઈ શકશે. આર્યભટ્ટ, વરાહમિહિર, બ્રહ્મગુપ્ત વગેરેના ગણિત અને જયોતિષ ક્ષેત્રેના ગ્રંથોના અભ્યાસ થકી આજેય અનેક બ્રહ્માંડના રહસ્યોનો ઉકેલ શક્ય બનશે. ભારતીય જ્ઞાન પરંપરા વિશે વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇસ્ટાઇને કહ્યુ હતું" આપણે ભારતીયોના ઋણી છીએ કે જેમણે આપણને ગણતરી શિખવાડી, જેનાં કારણે કોઇ પણ વિજ્ઞાનની ખોજ થઈ શકે નહિ." આથી આપણી શિક્ષણ નીતિ-૨૦૨૦માં આયુર્વેદ વિજ્ઞાનનામુખ્ય સિધ્ધાંતોનું સંયોજન કરેલ છે.આ સંયોજન વિદ્યાર્થીઓને સમસ્યાઓ, આપતિઓઅને વ્યવહારીક ઉકેલનું જ્ઞાન આપશે અને ભાવિ અનેક પેઢીઓ માટે **આયુર્વેદની પ્રાસંગિકતા-NEP-2020ના સંદર્ભમાં** જ્ઞાન, વિજ્ઞાન, માનવતા, નૈતિક મૂલ્યો, વ્યવહારીક શિક્ષણ, આધ્યાત્મિક દર્શન, વિશ્વબંધુત્વ વગેરે ગૂણોના વિકાસમાં અમૂલ્ય બની રહેશે.

**સંદર્ભસૂચી :**


- ૧. પંચોળી, મનુભાઇ, આપણો વારસો અને વૈભવ, લોકભારતી સણોસરા, સણોસરા, પ્ર.આ. ૧૯૮૭
- ૨. પટેલ, ડો. ગૌતમ વાડીલાલ, વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્ર.આ., ૧૯૯૦.
- ૩. જોષી, ડો. જગદિશ એસ., સંસ્કૃત નિબંધ રત્નાવલી, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ., ૨૦૦૫
- ૪. ભટ્ટ, ડો. વસંતકુમાર, વૈદિક સાહિત્યનો ઇતિહાસ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ,
- પ્ર.આ.,૧૯૯૧.
- ૫. રાવલ, જે.જે., ભારતનો વૈજ્ઞાનિક વારસો, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્ર.આ., ૨૦૧૯
- ૬. પરમાર,પ્રા.પંકજ આઇ, શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો, અક્ષર પ્રકાશન, અમદાવાદ,પ્ર.આ.,૨૦૦૭
- ૭. જોશી,પ્રો.જયના અને અન્ય, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ (ગુજરાતી), ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન ગાંધીનગર, પ્ર.આ., ૨૦૨૦
- ૮. દોશી,ડો.ટીના,પ્રાચીન ભારતમાં કન્યા કેળવણી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્ર.આ. ૨૦૨૨
- ૯. वैश्य, ऐल, पी, भारतीय सभ्यता एवं संस्कृति का इतिहास , रिचर्स प्रकाशन, जयपुर, प्र,आ, १९९२

- १०. बासम , ए , एल , अदभूत भारत, शिवलाल अग्रवाल कंपनी , प्र,आ,२०००
- ११. महाजन, विधाधर, आधुनिक भारत का इतिहास, एस चंद एड कंपनी, नई दिल्ली,पुनःमुद्रित-२०१८,
- १२. ओझा, डो.डी.डी., प्राचीन भारत में विज्ञान, प्रभात प्रकाशन, दिल्ही, प्र.आ., २०२२
- १३. मुळे, गुणाकर, प्राचीन भारत में विज्ञान, राजकमल प्रकाशन , दिल्हि, प्र.आ. २०१२
- १४. मुळे, गुणाकर, आर्यभट्ट, राजकमल प्रकाशन , दिल्हि, प्र.आ. २०१२
- १५. मुळे, गुणाकर, भास्कराचार्य, राजकमल प्रकाशन , दिल्हि, प्र.आ. २०११
- १६. अग्रवाल, डो. ओम प्रभात, प्राचीन भारत अध्यात्म ओर विज्ञान, सुरूची प्रकाशन, दिल्ही,२०२०